અપીલ અરજી નં.૨૩૭ તા.૩–૧૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી જગત નારાયણ શર્મા
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***– આરટીઆઈ એકટ હેઠળ શ્રી જગત નારાયણ શર્માની તા.૨–૯–૦૯ ની અરજીથી ડોર ટુ ડોર ગાર્બેજની જે યોજના ચાલી રહી છે. તેમાં તમામ ઝોનમાં કુલ કેટલી ગાડીઓની પરમીશન આપવામાં આવેલ છે. આ ગાડીઓમાં ગાડી દીઠ દર મહિને આપનું વિભાગ કેટલું કેટલું ચૂકવણું કરે છે તેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***–અરજદાર મજકુરની તા.૩–૧૧–૦૯ ની અપીલ અરજી નં.૨૩૭/૨૦૦૯–૧૦

શ્રી જગત નારાયણ શર્માની તા.૨–૯–૦૯ ની અરજીથી ડોર ટુ ડોર ગાર્બેજની જે યોજના ચાલી રહી છે. તેમાં તમામ ઝોનમાં કુલ કેટલી ગાડીઓની પરમીશન આપવામાં આવેલ છે. આ ગાડીઓમાં ગાડી દીઠ દર મહિને આપનું વિભાગ કેટલું કેટલું ચુકવણું કરે છે તેની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર ન મળવાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩–૧૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલી હોય તો તેની વિગત આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૬૬ તા.૧૦–૧૧–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં ડોર ટુ ડોર ગાર્બેજની માહિતી માટે પક્ષકાર તરીકે જાહેર માહિતી અધિકારી સાઉથઝોન ઉધના જણાવેલ છે. જયારે માહિતી આરોગ્યની જણાવેલ છે. જે અંગે ખરેખર પક્ષકાર અંગે સ્પષ્ટતા કરવા અરજદારને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો કે જાહેર માહિતી અધિકારી તરફથી અરજી તબદીલી કે અન્ય કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા.૨–૯–૦૯ ની અરજીથી ડોર ટુ ડોર ગાર્બેજમાં ચાલતી ગાડીઓ તેમજ તેની સામે ચૂકવણી બાબત આરોગ્ય વિભાગ સુરત મહાનગરપાલિકા આપના વિભાગ ધ્વારા ડોર ટુ ડોર ગાર્બેજની જે યોજના ચાલી રહી છે. તેમાં તમામ ઝોનમાં કુલ કેટલી ગાડીઓની પરમીશન આપવામાં આવેલ છે. આ ગાડીઓમાં ગાડી દીઠ દર મહિને આરોગ્ય વિભાગ કેટલું કેટલું ચુકવણું કરે છે તેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી આરોગ્ય વિભાગને કરવામાં આવેલ છે. ત્યાર બાદ અરજદારે તા.૩–૧૧–૦૯ ના રોજ સા.ઝોનઉધનાના જાહેર માહિતી અધિકારીને સંબોધીને અપીલ અરજી કરેલ છે. જે બાબતે અત્રેથી આરટીઆઈ સેલ/૮૬૬ તા.૧૦–૧૧–૦૯ થી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને પત્ર પાઠવી પૂરક માહિતી માંગવામાં આવેલ અને અરજદાર પાસે મુળ અરજીના માહિતી પક્ષકાર અને અપીલ અરજીના માહિતી પક્ષકાર અલગ અલગ દર્શાવેલ છે. માહિતી આરોગ્ય વિભાગ પાસેથી માંગવામાં આવેલ છે જયારે અપીલ ઉધનાઝોનના જાહેર માહિતી અધિકારી સામે કરવામાં આવેલ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨–૯–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨ – ૦૯

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

***પ્રતિ***

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન... જાણ તથા અમલ માટે
(૨) શ્રી જગત નારાયણ શર્મા